નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૩૪ તા.૧૩-૦૭-૨૦૧૮

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય : તમામ મુખ્ય શિક્ષકની 'મિશન વિદ્યા' અંતર્ગતની બે દિવસની તાલીમમાં હાજર રહેવા બાબત.

સંદર્ભ : ૧. ક્રમાંક/જીસીઈઆરટી/તાલીમ/૨૦૧૮/૧૬૦૯૪-૧૨૦ તા.૧૧/૦૭/૧૮ ના પત્રના અનુસંધાને.

૨. ક્રમાંક / જશભ/તલમ/૨૦૧૮/૩૩૨૦-૩૩૨૬

આથી મ્યુનિસિપલ શાળાના તમામ મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે, 'મિશન વિદ્યા કાર્યક્રમ' અંતર્ગત યોજેલ તાલીમમાં નીચેના મુદ્દાઓનો સમાવેશ કરવામાં આવેલ છે. તમામ મુખ્ય શિક્ષકે નીચે જણાવેલ સ્થળે, તારીખે અને સમયે બિનચૂક ઉપસ્થિત રહી તાલીમ લેવાની રહેશે.

તાલીમના મુદ્દાઓ :

- વર્ષ દરમિયાન યોજાનાર ડાયટના કાર્યક્રમો
- બાળમેળા / ઇકોકલબની પ્રવૃતિઓનો રીવ્યુ રીપોર્ટ
- ગણિત - વિજ્ઞાન પ્રદર્શન આયોજન
- ઇન્સ્પાયર એવોર્ડ માનાંક વિશેની માહિતી
- NAS રોડમેપ આધારિત રાજય/જિલ્લાની સ્થિતિ અને આયોજનનું પ્રેઝન્ટેશન
- શાળા સ્વચ્છતા એવોર્ડ વિશેની માહિતી
- વાંચન, લેખન અને ગણનમાં નબળા વિધાર્થીઓની યાદી બનાવવા બાબત.
- નવા પાઠયપુસ્તક અને લર્નિંગ આઉટકમ વિશેની સમજૂતી
- ઇનોવેશન ફેર
- SCE મૂલ્યાંકન યોજના
- 'મિશન વિધા' - ૨૦૧૮ની ચર્ચા

તારીખ - ૧૭ થી ૧૮ જુલાઇ, ૨૦૧૮

સ્થળ - સ્કાઉટ ભવન, પાલડી, અમદાવાદ

સમય - સવારે ૧૦-૩૦ કલાકથી ૧૭.૦૦ કલાક

તા.૧૩-૦૭-૨૦૧૮

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી